પોલીસે કુલ 11 સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી

અકોટામાં આવેલી ધરતી એસોસીએટ્સના ભાગીદારો સાથે રૂ.4.75 કરોડની છેતરપિંડી

બોગસ દસ્તાવેજ બનાવી ફ્લેટોના ગેરકાયદે વેચાણ કરી નાખ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરાના ગોત્રી રોડ વિસ્તારમાં રહેતા અને રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીએ ધરતી એસોસીએટ્સ નામની ભાગીદારી પેઢી સાથે 4.75 કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાઈ હોવાનો આક્ષેપ કરી શહેરના 11 લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

વર્ષ 2019માં વિજયભાઈ ઠક્કર, સચિન શાહ (અગ્રવાલ), ભાવિન ઠક્કર સહિતના ભાગીદારોએ મળીને ધરતી એસોસીએટ્સ નામની ભાગીદારી પેઢીની સ્થાપના કરી હતી. પેઢી વડોદરા શહેર અને જિલ્લામાં જમીન ખરીદી તેને ડેવલોપ કરી વેચાણ કરવાનો વ્યવસાય કરે છે. પેઢીના સંચાલન માટે વિજયભાઈ તથા સચિન શાહને પાવર ઓફ એટર્ની આપવામાં આવી હતી.

નિશીત પંચાલ, જીગર ઠક્કર, જીગ્નેશ રાણપુરા, પ્રકાશ શુક્લ સહિત 11 આરોપીઓએ ધરતી એસોસીએટ્સના ભાગીદાર ન હોવા છતાં ખોટી સહીથી ફર્મના નામના ઓથોરિટી દસ્તાવેજો, સિક્કા અને લેટરપેડ તૈયાર કર્યા હતા. ત્યારબાદ HDFC બેંકની તરસાલી શાખામાં બોગસ બેંક એકાઉન્ટ ખોલાવી ધરતી રિવેરા પ્રોજેક્ટના ફ્લેટ નં. 202, 402, 501 અને 502ના ગેરકાયદેસર વેચાણ દસ્તાવેજો તૈયાર કરાયા છે. આ ઉપરાંત અસ્તિત્વમાં ન હોય તેવા એ/101, એ/102, એ/201, એ/202, એ/402, એ/501 અને એ/502 જેવા ફ્લેટોના પણ બોગસ દસ્તાવેજો ઉભા કરી નોંધણી કરાવાઈ હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

ઝડપાયેલા આરોપીઓ

(1) નિશીત અશોકચંદ્ર પંચાલ
(2) જીગર ઇન્દ્રવદન ઠક્કર
(3) જીગ્નેશ રમેશભાઈ રાણપુરા
(4) પ્રકાશ બાલચંદ્ર શુક્લ
(5) વર્ષાબેન વિજયકુમાર શેલકે
(6) વિજયકુમાર શેલકે
(7) પુર્વીબેન અનીલકુમાર પટેલ
(8) યશવી મહેશભાઈ પંચાલ
(9) મેઘલ નરેન્દ્રકુમાર ગાંધી
(10) વૈભવી ખારવા
(11) સચિન મનોહર કોઠી

મહિલાઓમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા વિશેષ સત્ર યોજાયું

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન અને ચાર્જ ઝોન દ્વારા મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડેની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા ચાર્જ ઝોનના સહયોગથી મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડે નિમિત્તે જાગૃતિ અને આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો તેમજ માસિક વિશેની ગેરસમજો અને અંધશ્રદ્ધાઓ દૂર કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિશેષ પેનલ ડિસ્કશન અને અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર અને ડિરેક્ટર કિન્નરી હરિયાણી, રિંકી બારિયા અને સંસ્કૃતિ તંબોલી પેનલ સભ્ય તરીકે હાજર રહ્યા હતા. પેનલ દ્વારા માસિક સ્વચ્છતા, મહિલાઓના આરોગ્ય, પડકારો અને સમાજમાં ફેલાયેલા મિથ તથા ફેક્ટ વિશે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ફાઉન્ડેશનના ઈન્ટર્ન્સ દ્વારા ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં કર્મચારીઓએ ખુલ્લી ચર્ચા કરી માસિક સ્વચ્છતા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ મેળવ્યા હતા. કાર્યક્રમમાં ચાર્જ ઝોનના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવતા પેમ્ફલેટ અને મહિલાઓને ઉપયોગી બને તેવા પેડ પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.

માફી માંગો, નહીં તો કાયદાકીય લડત"

ભરૂચ ભાજપમાં ભાંજગડ: સસ્પેન્ડેડ મહિલા નેતાનું ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીને અલ્ટીમેટમ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.28
ભરૂચ જિલ્લા ભાજપમાં આંતરિક વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પક્ષના સસ્પેન્ડ કરાયેલા સહમંત્રી અને મહિલા અગ્રણી નયનાબેન વકીલે જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી સામે ગંભીર આક્ષેપો કરીને કાનૂની નોટિસ પાઠવી દીધી છે. તેમણે પ્રકાશ મોદીને માફી માંગવાની માંગણી કરી છે, નહીં તો પ્રદેશ કક્ષાએ અને કાયદાકીય લડત લડવાની સીધી ચેતવણી આપી છે. નયનાબેન વકીલનો આક્ષેપ છે કે, તેમની સામે કોઈ કાયદાકીય પ્રક્રિયા કે પક્ષીય નીતિ-નિયમોનું પાલન કર્યા વિના તેમનું સસ્પેન્શન લેટર સીધું સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યું. જેના કારણે તેમના સ્વાભિમાન અને માનસન્માનને ઠેસ પહોંચી છે. તેમણે કહ્યું, એક મહિલા એડવોકેટ તરીકે મારા સ્વાભિમાનનો સવાલ છે. પ્રકાશ મોદીએ જે રીતે મને ટાર્ગેટ કરી છે તે કોઈપણ કાળે સ્વીકારાય એમ નથી.” નયનાબેન વકીલના પતિએ અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીમાં પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. નયનાબેનના જણાવ્યા મુજબ, આ તેમના પતિનો બંધારણીય અધિકાર હતો. જોકે, પક્ષે તેને શિસ્તભંગ ગણાવીને નયનાબેન વકીલને જિલ્લા સહમંત્રી પદેથી સસ્પેન્ડ કર્યા. નયનાબેનનો આરોપ છે કે, ભાજપે 'એક પરિવાર, એક ટિકિટ'ની નીતિ બનાવી હોવા છતાં ભરૂચ જિલ્લામાં ધર્મેશ ચાવડા અને નિતેન્દ્રસિંહ દેવધરા જેવા નેતાઓના પરિવારોને ટિકિટ આપવામાં આવી એ આશ્ચર્યજનક હતું.તેમણે સામેથી વેધક પ્રશ્ન ઉભો કરીને કહ્યું કે, ફક્ત મારા પરિવારને જ નિયમો કેમ લાગુ પાડવામાં આવે છે? આ પસંદગીપૂર્વકની કાર્યવાહી છે.₹ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, નયના વકીલની સસ્પેન્શનની કાર્યવાહી પક્ષની શિસ્તના ભાગરૂપે અને સામૂહિક નિર્ણયથી કરવામાં આવી હતી.

વડોદરા સહિત 12 શહેરોમાં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ

રાજ્યભરમાં કુલ 14,000 બેઠકો, કુમારો માટે 7,250 અને કન્યાઓ માટે 6,750: 30 જૂન સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

(પ્રતિનિધિ)વડોદરા,તા.28
ગુજરાત સરકાર સંચાલિત સમરસ કુમાર અને કન્યા છાત્રાલયોમાં શૈક્ષણિક વર્ષ-2027 માટે પ્રવેશ પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. રાજ્યના વડોદરા સહિતના 12 મહત્વના શહેરોમાં આવેલી સમરસ હોસ્ટેલોની કુલ 14,000 બેઠકો પર પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા નવા અને રીન્યુ વિદ્યાર્થીઓ આગામી 30 જૂન 2026 સુધી સત્તાવાર પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે. આ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત SC, ST, SEBC તેમજ EWSના તેજસ્વી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

આ વર્ષે સમગ્ર રાજ્યની તમામ સમરસ હોસ્ટેલોમાં થઈને કુલ 14,000 બેઠકો ઉપલબ્ધ છે, જેમાં કુમારો માટે 7,250 બેઠકો અને કન્યાઓ માટે 6,750 બેઠકો અનામત રાખવામાં આવી છે. અમદાવાદ, ભાવનગર, રાજકોટ, સુરત અને વડોદરમાં કુમારો માટે 1,000 અને કન્યાઓ માટે 1,000 એમ દરેક શહેરમાં 2-2 હજાર બેઠકો ,જ્યારે, જામનગર કુમાર અને કન્યાઓ માટે 500-500 બેઠકો, ગાંધીનગર માત્ર સમરસ કુમાર છાત્રાલય કાર્યરત, જ્યાં 500 બેઠકો ઉપલબ્ધ અને આણંદ, હિંમતનગર, પાટણ, ભુજ અને મોડાસામાં કુમારો માટે 250 અને કન્યાઓ માટે 250 બેઠકો.

જે વિદ્યાર્થીઓને બેઠકોની શહેરવાર વિગતવાર માહિતી જોઈએ તેમણે સત્તાવાર પોર્ટલની મુલાકાત લેવી. સરકારી હોસ્ટેલમાં રહેવા-જમવાની સુવિધા સાથે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ સુવર્ણ તક છે.

વડોદરાના બાળ પ્રતિભાએ સંસ્કૃત શ્લોકોના પાઠ દ્વારા વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરાના નાનકડા બાળ પ્રતિભા માસ્ટર શ્લોક રુદ્રેશ શાહ એ એક અનોખી સિદ્ધિ હાંસલ કરીને શહેર અને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. માત્ર 5 વર્ષ, 5 મહિના અને 19 દિવસની વયે તેમણે ₹એક મિનિટમાં સંસ્કૃત શ્લોકોનું પાઠ કરનાર સૌથી નાની વયના બાળક₹ તરીકે ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આ વિશ્વ રેકોર્ડ 22 ફેબ્રુઆરી, 2026ના રોજ સ્થાપિત થયો હતો, જેમાં શ્લોકે માત્ર એક મિનિટમાં 11 સંસ્કૃત શ્લોકોનું પાઠન કરીને પોતાની અસાધારણ સ્મરણશક્તિ, શુદ્ધ ઉચ્ચારણ, એકાગ્રતા અને સંસ્કૃત પ્રત્યેની અભિરુચિનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા શ્લોકને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ તથા સ્મૃતિચિહ્ન રૂપે મેડલ એનાયત કરવામાં આવ્યો છે. આ સફળતા પાછળ તેમના માતા-પિતા તેમ જ દાદા દાદી શ્રી રુદ્રેશ શાહ, શ્રીમતી પરિતા શાહ, શ્રી જીતેન્દ્રકુમાર શાહ અને શ્રીમતી વીણા બેન શાહ નું પ્રોત્સાહન અને માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે. શ્લોકની આ સિદ્ધિ અન્ય બાળકો માટે પ્રેરણારૂપ છે અને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો ઉત્તમ પ્રયાસ છે. નિયમિત અભ્યાસ, શિસ્ત અને પરિવારના સહકારથી નાની ઉંમરમાં પણ અસાધારણ સફળતા પ્રાપ્ત કરી શકાય છે તે શ્લોકે સાબિત કરી બતાવ્યું છે.

મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ અને મહાપ્રસાદનું આયોજન

પાદરામાં ભાગવત જ્ઞાનયજ્ઞનું સમાપન : દાતાઓ, રંગ પરિવારના યુવાનો-મહિલાઓનું સન્માન

(પ્રતિનિધિ) પાદરા, તા.28
પાદરા રંગ પરિવાર દ્વારા આયોજિત 10 દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સાંજે ભાવસભર વાતાવરણમાં સમાપન થયું હતું. દશમ સ્કંધની પારાયણ પૂર્ણાહુતિ સાથે ધર્મોત્સવ પૂર્ણ થયો હતો. સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે વૈદિક પુંજા યજ્ઞ અને પ્રાતઃપૂજન યોજાયું હતું. વડોદરાના સનાતન ધર્મ પ્રચારક - શંકરાચાર્ય ના સિદ્ધાંતો ને સમાજમાં ફેલાવનાર ડૉ. ગાર્ગીબેન ચંદ્રશેખર પંડિતે ભાગવતની વિશ્વ સ્તુતિ ઉપર પ્રવચન આપ્યું હતું. ભીષ્મ મહારાજ દ્વારા રચિત દ્વારકાધીશની સ્તુતિના સંદર્ભમાં મહાભારતનો ઈતિહાસ સમજાવ્યો હતો. પારાયણ ના સમાપનમાં સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજે ઉપસંહારાત્મક પ્રવચન આપી ભગવાન અને ભાગવતના નામનો મહિમા વર્ણવ્યો હતો અને રંગ પરિવારને આવા કાર્યક્રમો કરતા રહેવાના આશીર્વાદ આપ્યા હતા. પાદરા રંગ પરિવાર દ્વારા આ જ્ઞાન યજ્ઞમાં નાઈ અનામી ભક્તો વૈષ્ણવો એ સેવા આપી હતી એ તમામ નો અભાર વ્યક્ત કર્યો હતો પ.પુ. શ્રી રંગ અવધૂત મહારાજ ના આશીર્વાદથી સંપન્ન થયેલ આ ગોદ્રેજી મહારાજ ના ભાગવત રસામૃત જ્ઞાન યાગને અંગે આભાર માન્યો હતો. વિશેશ જે ભૂમિ હતી તે કાર્યક્રમ માટે જગ્યા આપનાર રંગફાર્મના રમેશભાઈ પટેલ તથા લીલાબેન પટેલ અને 10 દિવસ સુધી ફરાળ, ચા-પાણી, મહાપ્રસાદ તથા બ્રાહ્મણોની ચોર્યાશી જમણવારનું આયોજન કરનાર પ્રવીણભાઈ કંચનભાઈ ગાંધી પરિવારનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. શ્રીમદ ભાગવત દશમ સ્કંધ નો સ્વહાકાર સાંજે પૂર્ણ થયો હતો સાંજે વડોદરાના ત્રણ વેદના વિદ્વાન બ્રહ્મકુંડ દ્વારા પૂર્ણાહુતિ કરાવવામાં આવી હતી.

ગાંધીનું સત્ય શાશ્વત, અહિંસા વીરોનું આભૂષણ

સીયુજીમાં ગાંધી બિયોન્ડ બોર્ડર્સ રાષ્ટ્રીય સેમિનારનો શુભારંભ

ત્રણ દિવસીય કોન્ફરન્સમાં ગાંધી વિચારની વૈશ્વિક સુસંગતતા પર ચર્ચા,16 શૈક્ષણિક સત્રો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે ગુરુવારે ગાંધી બિયોન્ડ બોર્ડર્સઃ ગ્લોબલ લેન્ડસ્કેપમાં ગાંધી વિચારની સુસંગતતા વિષય પર ત્રણ દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું ઉદ્ઘાટન સત્ર યોજાયું. ઈન્ડિયન સોસાયટી ઓફ ગાંધીયન સ્ટડીઝ અને યુનિવર્સિટીના સેન્ટર ફોર ગાંધીયન થોટ એન્ડ પીસ સ્ટડીઝ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કોન્ફરન્સમાં દેશભરના શિક્ષણવિદો, સંશોધકો અને ગાંધીવાદી વિચારકોએ ભાગ લીધો હતો.

ઈંગ્ઝોરિયલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક ભગવતી મહેશ બલદવાએ સંબોધનમાં જણાવ્યું કે મહાત્મા ગાંધીનો પ્રભાવ સમગ્ર વિશ્વમાં સ્પષ્ટ છે.

ગાંધીજીની આત્મકથાએ વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિવર્તન લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે નોંધ્યું કે ગાંધીજીના વિચારો ભારતની સનાતન શાશ્વત સાંસ્કૃતિક પરંપરાથી નોંધપાત્ર શક્તિ મેળવે છે. અધ્યક્ષસ્થાને રહેલા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અતનુ ભટ્ટાચાર્યએ કહ્યું કે સ્થાનો અને જગ્યાઓનું અન્વેષણ ગાંધીજીના જીવનનું એક મહત્વપૂર્ણ પરિમાણ હતું. તેમણે ગાંધીજીના આત્મકાલ, રાષ્ટ્રકાલ અને વિશ્વકાલના ખ્યાલો સમજાવતા રવિન્દ્રનાથ ટાગોર અને ગાંધીજી વચ્ચે થયેલા પત્રવ્યવહારનો પણ ઉલ્લેખ કર્યો. મુખ્ય વક્તા પ્રો. સતીશ રાયે સત્ય, અહિંસા અને પ્રેમ અંગે ગાંધીજીના વિચારોની ચર્ચા કરતા ભારપૂર્વક જણાવ્યું કે ગાંધીજીનો સત્યનો ખ્યાલ શાશ્વત છે અને તેમાં અસંમતિ કે ભિન્નતાની કોઈ શક્યતા નથી. અહિંસાને સકારાત્મક વિચારસરણી અને બહાદુરોના ગુણ તરીકે વર્ણવતા તેમણે કહ્યું કે અહિંસા ફક્ત ભૌતિક સ્થાનો જ નહીં, પણ મન, બુદ્ધિ અને આત્માને પણ જીતી લેવાની ક્ષમતા ધરાવે છે. કોન્ફરન્સ ડિરેક્ટર પ્રો. જનક સિંહ મીણાએ જણાવ્યું કે આ કાર્યક્રમ ફક્ત શૈક્ષણિક નથી, પરંતુ ગાંધીજીના સમકાલીન વિચારોને આત્મસાત કરવાની તક છે. ત્રણ દિવસ દરમિયાન કુલ 16 શૈક્ષણિક સત્રો યોજાશે.

ખોટા સેબી દસ્તાવેજો અને વોટ્સએપ ગ્રુપ મારફતે વિશ્વાસમાં લઈ ઠગાઈ કરી

રૂપિયા એક કરોડની ઓનલાઈન છેતરપિંડી કેસમાં ચાર આરોપીઓના જામીન નામંજૂર

વધી રહેલા ઓનલાઇન ઠગાઈના ગુનાઓ ગંભીર હોવાને કારણે કોર્ટનો કડક હુકમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પાર્ટ-એમાં નોંધાયેલા રૂ.1 કરોડની ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં ચાર આરોપીઓની જામીન અરજી 15મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. આ કેસમાં ઈરફાન અબ્દુલકેયુમ મેમણ, યાસીનખાન પઠાણ, પાર્થ બારડ અને ફેઝાન શેખ સામે ગુનો નોંધાયો છે.

આરોપીઓ તરફથી વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે મોબાઈલ નંબર આરોપીઓના નથી અને આરોપીઓએ ફરિયાદી સાથે સીધી વાતચીત કે વોટ્સએપ ગ્રુપમાં જોડાણ કર્યું હોવાનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. ઉપરાંત ગુનામાં જામીન પર મુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી.

જ્યારે સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે આરોપીઓએ વોટ્સએપ ગ્રુપ મારફતે ખોટા અને બનાવટી સેબી રજિસ્ટર્ડ દસ્તાવેજો મોકલી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો અને ત્યારબાદ રૂ.1 કરોડની છેતરપિંડી આચરી હતી. કોર્ટે પોતાના હુકમમાં નોંધ્યું હતું કે હાલમાં ઓનલાઈન છેતરપિંડીના ગુનાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે, જેના કારણે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા કોર્ટે આર્થિક ગુનાઓને ગંભીર ગણાવી ચારેય આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

ગરીબ પરિવારોના બાળકો વેકેશનની નિર્દોષ મજા સાથે નવું શીખી શકે તેવો પ્રયાસ

બરોડા યુથ ફેડરેશન દ્વારા સતત ચોથા વર્ષે વેકેશનમાં જોયકેશનનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરામાં સેવાકીય ક્ષેત્રે જાણીતા બરોડા યુથ ફેડરેશન દ્વારા સતત ચોથા વર્ષે ગરીબ પરિવારોના બાળકો માટે જોયકેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વેકેશનની નિર્દોષ મજા માણતા બાળકો કંઈક નવું શીખી શકે તે માટે સંસ્થાના 30 વોલંટિયર્સ દ્વારા 10 જગ્યાઓ પર વિવિધ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય સંસ્કૃતિથી લઈને બાળકોની કલ્પના શક્તિ ખીલવવા સુધીના વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બરોડા યુથ ફેટરેશનના રૂક્મિલ શાહ જણાવે છે કે, અમે શહેરના વિવિધ ક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરતા આવ્યા છીએ. અમારા સૌથી લોકપ્રિય કાર્યક્રમો પૈકી એક છે પ્રોજેક્ટ જોયકેશન, જેમાં વેકેશનની રજા દરમિયાન બાળકોને નિર્દોષ મજા માણવાની સાથે કંઈક નવું શીખવવાનો અમારો પ્રયાસ હોય છે.

રૂક્મિલ શાહ જણાવે છે કે, પ્રોજેક્ટ આ વખતે સતત ચોથા વર્ષે અમારા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ 10 સેન્ટરો પર 30 જેટલા યુવા અને ઉત્સાહી વોલંટિયર્સ દ્વારા 1100 બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે. જેમાં ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા મુલ્યોથી લઈને બાળકોની કલ્પના શક્તિ ખીલવવા સુધીના વિષયોનો સમાવેશ થાય છે. જોયકેશનને લઈને બાળકોની સાથે અમારા વોલંટિયર્સમાં પણ ઉત્સાહ જોવા મળે છે. આ વખતે અમારી ટીમ દ્વારા બાળકોમાં છુપાયેલી શક્તિઓને બહાર લાવવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં પોતાનું ઈન્ટ્રોડક્શન આપવાની સાથે અન્ય પ્રોગ્રામનો સમાવેશ થાય છે. કોઈ બાળકની ગરીબીની નીચે તેનું ટેલેન્ટ દબાઈ ના જાય તે માટેના અમારા આ પ્રયાસો છે.

નાગરિકો દ્વારા વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ ૧૮ પ્રશ્નો રજૂ થયા

ઈ. કલેક્ટર સચિન કુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.28
છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોના પડતર પ્રશ્નો અને ફરિયાદોનું પારદર્શક તથા સમયબદ્ધ નિવારણ લાવવાના ઉમદા હેતુથી જિલ્લા સેવા સદનના વિડિયો કોન્ફરન્સ હોલ ખાતે ઈ.જિલ્લા કલેક્ટર સચિન કુમારના અધ્યક્ષસ્થાને ‘જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ’ કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો દ્વારા વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ ૧૮ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પોલીસ દ્વારા દૂરવ્યવહાર કરવા, જાહેરહિત માટે રસ્તો બનાવવા, અનુસૂચિત જનજાતિના પ્રમાણ પત્ર મેળવવા મુશ્કેલી બાબત, રસ્તાની સાફ સફાઈ બાબત, ગેરકાયદેસર રેતી ખનન, ખનીજ ચોરી, પેન્શનનો લાભ બાબતે, જમીન માપણી બાબત, નોકરી પર રાખી પગાર ન આપતા બાબત, હક્ક પત્રમાં નોંધમાં ફેરફાર કરવા બાબત, નળ સે જળ યોજના બાબત, નવીન બસ રૂટ શરૂ કરવા, પીવાના પાણીની સમસ્યા બાબત અને ગામમાં પાયાની જરૂરિયાત બાબત, શાળાના બાળકો અને ગામ લોકોને આવવા જવામાં પડતી મુશ્કેલી બાબતના પ્રશ્નો રજૂ થયા હતા. ઈ.કલેક્ટર સચિન કુમારે તમામ અરજદારોને રૂબરૂ સાંભળ્યા હતા અને જે-તે વિભાગના અધિકારીઓ પાસેથી પ્રશ્નોની વર્તમાન સ્થિતિ વિગતો મેળવી જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચનો કર્યા હતા. આ બેઠકમાં પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેક્ટર શૈલેશ ગોકલાણી, મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારી મુસ્કાન ડાગર સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રીન વેલી હાઈસ્કૂલના નિશિત પટેલને NSOમાં આંતરરાષ્ટ્રીય દ્વિતીય ક્રમ

વડોદરાના વિદ્યાર્થીઓએ SOF ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડમાં નોંધાવી સિદ્ધિ



(પ્રતિનિધિ) વડોદરા, તા.28
સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (SOF) દ્વારા આયોજિત એસઓએફ ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડ 2025-26માં વડોદરાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. ગ્રીન વેલી હાઈસ્કૂલના ધોરણ-9ના વિદ્યાર્થી નિશિત પટેલે નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ (NSO)માં આંતરરાષ્ટ્રીય સ્તરે દ્વિતીય ક્રમ મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેમને સિલ્વર મેડલ, પ્રમાણપત્ર અને રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. આ વર્ષે યોજાયેલા એસઓએફ ઓલિમ્પિયાડમાં વડોદરાના 66 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની આ સફળતાએ શહેરની શાળાઓ સાથે અન્ય વિદ્યાર્થીઓને પણ શ્રેષ્ઠતા માટે પ્રેરણા પૂરી પાડી છે. વિદ્યાર્થીઓનું સન્માન નવી દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાયેલા 28મા એસઓએફ ઈન્ટરનેશનલ વાર્ષિક પુરસ્કાર સમારોહમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિજય બિશ્નોઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. SOFના સ્થાપક અને ડિરેક્ટર મહાબીર સિંહે જણાવ્યું હતું કે ઓલિમ્પિયાડ વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારસરણી, વિશ્લેષણાત્મક ક્ષમતા અને સમસ્યાના નિરાકરણ જેવી કુશળતાઓ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ત્રણ શખ્સો સામે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ

તાંદલજા વિસ્તારમાં જૂના ઝઘડાની અદાવતમાં યુવક પર હુમલો, આંખ પાસે ટાંકા આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા શહેરના તાંદલજા રોડ વિસ્તારમાં જૂના ઝઘડાની અદાવતમાં એક યુવક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત યુવકને આંખ પાસે ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.

સમગ્ર મામલે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. વાસણા-તાંદલજા રોડ સ્થિત શીવાંગી સોસાયટીમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરતા અભિષેક વિજયભાઈ પરમારે નોધાવેલી ફરિયાદ મુજબ તા. ૨૮ મે ૨૦૨૬ના રોજ મધરાતે અંદાજે ૧૨:૧૫ વાગ્યે તેઓ પામ્યુલ સોસાયટીના ગેટ પાસે પોતાની બાઈક પર બેઠા હતા. તે દરમિયાન સોસાયટીમાં રહેતો વિષ્ણુભાઈ તડવી ત્યાં આવી જૂના ઝઘડાની અદાવત રાખી ગાળો બોલવા લાગ્યો હતો. ગાળો બોલવાની ના પાડતા મામલો ઉગ્ર બન્યો હતો.

વિષ્ણુભાઈ તડવીએ હાથમાં પહેરેલા કડાથી અભિષેકની જમણી આંખની ભ્રમર પાસે ઘા મારતા લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ રાહુલ પઢિયારે ગડદાપાટુનો માર માર્યો હતો. જ્યારે અવિનાશ વસાવાએ હાથમાં પથ્થર લઈ માથામાં હુમલો કર્યો હતો. હુમલા બાદ ત્રણેય શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. બુમાબુમ સાંભળી અભિષેકના મિત્રો સાહિલ રસીકભાઈ નાયક અને ક્રિષ્ણા પરમાર વચ્ચે પડી વધુ મારામારીમાંથી બચાવ કર્યો હતો. ઈજાગ્રસ્ત અભિષેકને ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી, જ્યાં આંખની ભ્રમર પાસે ટાંકા લેવાયા હોવાનું જાણવા મળ્યું છે.

Repco Home Finance
રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ
વડોદરા શાખા : ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પ્લેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જુનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૨.
જાહેર નોટીસ
કૃપા કરીને તા. ૧૬.૦૫.૨૦૨૬ ના રોજ આ દૈનિકમાં પ્રકાશિત થયેલ અમારી કબજા સુચનાનો સંદર્ભ લો. ક્રમ નં. ૨ : ઉધારકર્તા : શ્રી મહેતા બિરજુપ્રસાદ કરીપ્રસાદ. ઉપરોકત ઉધારકર્તા માટે કબજા સુચના અજાણતામાં શામેલ કરવામાં આવી હતી. તેના માટે અમને દિલગીર છે. કબજા સુચના આથી પાછી ખેંચી લેવામાં આવે છે. ક્રમ નં. ૧ : ઉધારકર્તા : શ્રી મહેન્દ્રસિંહ બી. વાળા માટે કબજા સુચના માન્ય રહેશે.
અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ